| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ. | ૨૬/૦૮/૨૦૨૦ | | |
| ર. નોંધ્યા તારીખ | ૨૬/૦૮/૨૦૨૦ | | |
| ફેંસલ કર્યા તારીખ | **૨૨/૦૭/૨૦૨૬** | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૫** | **૧૦** | **૨૭** |

**<u>ધ્રાંગધ્રા ના મહેરબાન એડીશનલ સીનીયર સિવિલ જજ અને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટ સમક્ષ, મુકામ.ધ્રાંગધ્રા</u>**

ફોજદારી કેસ નં. ૬૨૩/૨૦૨૦.
આંક–

ફરીયાદી : સરકાર શ્રી.

વિરૂધ્ધ.

આરોપી : ભરતભાઈ કાળુભાઈ ગોલતર,
રહે. સોલડી, તા. ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર

**<u>ગુનો</u> : <u>પ્રોહિબીશન એકટની કલમ–૬૫ (એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબ</u>**

**<u>એડવોકેટસ :</u>** સરકાર તરફે વિ.એ.પી.પી. ::– શ્રી એન.એચ. શ્રીમાળી
આરોપી તરફે વિ.વકીલ શ્રી ::– શ્રી જે.ડી.ઝાલા., શ્રી યુ.આઈ.મકવાણા

**– : ચુકાદો : –**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

સદર કામના આરોપીએ તા.૨૮.૦૭.૨૦૧૯ ના રોજ કલાક–૨૨:૪૫ વાગ્યાના આરસામાં ધ્રાંગધ્રા તાલુકાના બૈસાબગઢ ગામની સીમમાં સીહર બાપાની તલાવડીની બાજુમાં ફોરેસ્ટના જંગલમાં બાવળની કાંટમાં અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ૭૫૦ એમ.એલ.ની. શીલબંધ ઈંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ–૧૦૪, કિ. રૂા.૪૧,૬૦૦/– તથા સીલ્વર કલરનું ટી.વી.એસ.કંપનીનુ મોટર સાયકલ નં. જીજે.૧૭ એસ. ૨૪૫૯ કિ.રૂા.૧૦,૦૦૦/– મળી કુલ કિ.રૂા.૫૧,૬૦૦/– ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન હાજર નહી આવીને ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),

૧૧૬(બી), ૯૮(૨) અન્વયે ગુનાહીત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમા નોંધાયેલ અને તેની તપાસ તપાસ કરનાર અમલદારને સોંપવામા આવેલી. ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આ કામે આરોપ સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામા આવેલ છે.

**(૨)** આ કામના આરોપીને ધોરણસના સમન્સની બજવણ થતાં આરોપી હાજર થયેલ છે. ત્યારબાદ ઓરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ ક્રિમનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ (૧) પ્રમાણે આરોપી ઉપર આંક–૦૪ ઉપરોકત ગુન્હાઓનુ તહોમતનામુ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ અને ત્યારબાદ સદરહું તહોમતનામુ આરોપીઓને વાંચી સંભળાવી આંક–૦૫ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પુરાવાઓ નીચે મુજબ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| અનુ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૩ | ફરીયાદી મગનભાઈ ભીમાભાઈ સોલંકીનાઓની જુબાની |
| ૨. | ૨૨ | પંચ સાહેદ સોહીલખાન અબ્બાસખાન મલેકનાઓની જુબાની |
| ૩. | ૨૪ | પંચ સાહેદ નવાઝખાન બહાદુરખાન મલેકનાઓની જુબાની |
| ૪. | ૨૬ | પંચ સાહેદ પ્રેમજીભાઈ ભીમાભાઈ સાબરીયાનાઓની જુબાની |
| ૫. | ૨૮ | પંચ સાહેદ લલીત ઉર્ફે ટીનો નરશીભાઈ પટેલનાઓની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

| અનુ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૪ | ફરીયાદ. |
| ૨. | ૨૩ | ઝડતી અંગેનું પંચનામું |
| ૩. | ૨૭ | બનાવવાળી જગ્યાનુ પંચનામું |

**(૪)** આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે તેઓનુ સી.આર.પી.સી કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. જેમા

આરોપીએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમા તેઓ નિર્દોષ છે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે.

(૫) એ.પી.પી.શ્રીએ તેઓની દલીલમા એવી રજુઆત કરેલ છે કે, આ કામે તપાસાયેલા ફરીયાદી જુબાની થી ફરીયાદ હકીકતો પુરવાર થાય છે જે ધ્યાને લઈ આરોપીને દોશીત ઠરાવી કાયદાના વ્યાપમા આવતી સજા કરવી જોઈએ. જયારે બચાવ પક્ષે તેઓની દલીલમા એવી રજુઆત કરેલ છે કે, સદરહુ કામે પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ કામે તપાસવામાં આવેલા બાકીના સાહેદોએ પોલીસ સાહેદો છે. આ કામે પ્રોસીકયુશન દ્રારા કોઈ સ્વંતત્ર સાહેદને તપાસવામા આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષ આરોપી સામેના ગુનાના આક્ષેપો નિ:શંકપણે ઠોસ પુરાવાથી પ્રોસીકયુશન સાબીત કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા રજુઆત કરવામા આવેલ છે.

(૬) આ કામે રજુ થયેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્યણ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

૧. શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, સદર કામના આરોપીએ તા.૨૮.૦૭.૨૦૧૯ ના રોજ કલાક–૨૨:૪૫ વાગ્યાના આરસામાં ધ્રાંગધ્રા તાલુકાના બૈસાબગઢ ગામની સીમમાં સીહર બાપાની તલાવડીની બાજુમાં ફોરેસ્ટના જંગલમાં બાવળની કાંટમાં અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ૭૫૦ એમ.એલ.ની. શીલબંધ ઈગ્લીશ દારૂની કુલ બોટલ નંગ–૧૦૪, કિ. રૂા. ૪૧,૬૦૦/– તથા સીલ્વર કલરનું ટી.વી.એસ.કંપનીનુ મોટર સાયકલ નં. જીજે.૧૭ એસ. ૨૪૫૯ કિ.રૂા.૧૦,૦૦૦/– મળી કુલ કિ.રૂા.૫૧,૬૦૦/– ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન હાજર નહી આવીને ગુન્હો કરેલ, ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

**ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**—:: નિર્ણયો ::—**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**—:: <u>કારણો</u> ::—**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ :—</u>**

(૭) ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમતો બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય પુરાવો રજુ કરીને તે પુરવાર કરવાના હોય છે, ટૂંકમાં આરોપી દોષિત છે, તેવું પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરી પુરવાર કરવાનું હોય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ, આરોપી દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. નામદાર કોર્ટ દ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદી કડી પણ, પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચૂકે તો, તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને/ આરોપી પક્ષને મળવાપાત્ર થાય, અને તે સં જોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. આ પુર્વભૂમિકાના સંદર્ભે ફરીયાદપક્ષે રજુ થયેલ આ કામના પુરાવાનું મુલ્યાંકન કરીને ફરીયાદપક્ષ આરોપી સામેનો તહોમતો કે તે પૈકીનું તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે, કેમ તે અંગેનો નિર્ણય કરવાનો રહે છે.

(૮) આ કામે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર મગનભાઈ બી. સોલંકીનાઓને આંક—૧૩ થી તપાસવામા આવલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૮.૦૭.૨૦૧૯ ના રોજ હું ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન અમો તથા પો.સ.ઈ. માઢક સાહેબ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો નીમકનગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સોલડી ગામે પહોચતા અમોને ખાનગી રાહે બતામી મળેલ

કે ભરતભાઈ કાળુભાઈના વાડીના સેઢે ફોરેસ્ટની સરકારી જમીનમાં પરપ્રાંતિય દારૂ રાખેલ છે તેવી બાતમી સાથેના પો.સ.ઈ. માઢક સાહેબનાઓએ બે રાહદારી પંચો બોલાવી હકિકતવાળી જગ્યાએ રેઈડ કરતા કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી. ત્યારબાદ સદર જગ્યાએ જડતી તપાસ કરતાં અલગ અલગ બ્રાંડની ભારતીય બનાવટની ૭૫૦ એમ.એલ. ઈંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ–૧૦૪, કિ. રૂા. ૪૧ ,૬૦૦/– તથા સીલ્વર કલરનું ટી.વી.એસ.કંપનીનું મોટર સાયકલ નં. જીજે.૧૭ એસ.૨૪૫૯, જેની કિ. રૂા.૧૦,૦૦૦/– એમ મળી કુલ કિ.રૂા. ૫૧,૬૦૦/– મળી આવેલ. જેમાંથી એક બોટલ એફ.એસ.એલ. માટે પૃથ્થકરણ માટે કબજે કરેલ અને સદરહું જગ્યાએ કબજે કરેલ મુદામાલનું મારી સાથેના પો.સ.ઈ. સી.એચ.માઢક સાહેબનાઓએ કલાક–૨૨:૧૫ થી ૨૩:૧૫ સુધીનું કરી લઈ પૂર્ણ કરેલ. ત્યારબાદ પોલીસ સ્ટેશને આવી પી.એસ.ઓ. તરીકે અમોએ ફરીયાદ આપી ગુનો રજીસ્ટર કરેલ. આરોપી વિરુધ્ધ મે ફરીયાદ આપેલી મને આજરોજ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે ઓળખી બતાવી અસલ ફરીયાદ રજુ કરુ છું જે આ કામે રજુ આંક–૧૪ આપવામાં આવે છે.ત્યારબાદ અમોએ ગુના રજીસ્ટર કરી આગળની તપાસ અમોએ જાતે સંભાળેલ. આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

સદરહુ ફરીયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર છે અને ત્યાં વાડીવાળા માણસોની અવર જવર ચાલુ રહે છે એ વાત ખરી છે કે, આ કામની ફરીયાદ પણ મે આપેલી અને તપાસ પણ મે જ કરી ચાર્જસીટ કરેલ છે. એ વાત ખરી છે કે રેઈડ વખતે આરોપી સ્થળ ઉપર મળી આવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદના કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નામ આપેલ નથી.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષે આ કામના પંચ સાહેદ સાહિલખાન અબ્બાસખાન મલેકનાઓને આંક–૨૨ થી તથા આ કામના બીજા પંચ સાહેદ નવાઝખાન બહાદુરખાન મલેકનાઓને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૨–૦૨–૨૦૨૦ ના રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં બોલાવી એક તૈયાર લખેલા પંચનામા

પોલીસે મારી સહી લીધેલી મને આજરોજ આંક–૨૩ વાળુ આરોપીના ઘરની ઝડતી અંગેના પંચનામુ બતાવવામાં આવે છે. તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી, તેઓએ આંક ૨૩ થી રજુ ઝડતી અંગેના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. સદરહુ પંચ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે તૈયાર લખેલા પંચનામામાં સહી કર્યા સિવાય કાઈ જાણતા નથી.

(૮.૨) આ કામે ફરીયાદ પક્ષે આ કામના પંચ સાહેદ પ્રેમજીભાઈ ભીમાભાઈ સાબરીયાનાઓને આંક–૨૬ થી તથા આ કામના બીજા પંચ સાહેદ લલીત ઉર્ફે ટીનો નરશીભાઈ પટેલનાઓને આંક –૨૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૨૯–૦૭–૨૦૧૯ ના રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં બોલાવી એક તૈયાર લખેલા પંચનામા પોલીસે મારી સહી લીધેલી મને આજરોજ આંક–૨૭ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે. તેમાં પંચ તરીકે મારી સહી ઓળખી બતાવુ છુ.વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી, તેઓએ આંક ૨૭ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદરહુ પંચ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે તૈયાર લખેલા પંચનામામાં સહી કર્યા સિવાય કાઈ જાણતા નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા સદર કામે આંક–૨૭ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થન આપેલ નથી. જે પંચો રુબરુ મુદામાલ કબજે કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે તે પંચ સાહેદોએ આંક–૨૭ ના પંચનામાની હકીકતોને સમર્થના આપેલ ન હોય પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આ કામે આંક–૨૩ થી આરોપીના ઘરની ઝડતીનુ પંચનામુ રજુ થયેલ છે જે પંચો પણ સદર પંચનામની હકિકતોને સમર્થન આપેલ નથી. આથી આંક–૨૩ થી રજુ પંચનામાને પંચોની જુબાની થી સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ કામે બનાવવાળી જગ્યાએથી ટી.વી.એસ. મોટર સાયકલ રજી. નં.

જીજે.૧૭. એસ. ૨૪૫૯ મળી આવેલ હોવાનું જણાવેલુ છે આ મોટર સાયકલ કોની માલિકી હતુ તેનો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ રાખેલ નથી. બનાવવાળી જગ્યાએ થી ભારતીય બનાવટનો ઈગ્લીશ મળી આવેલ હતો અને તેમાથી પંચનામાની વિગતે સેમ્પલ લઈ બાકીનો મુદામાલ કબજે કરવામાં આવેલ હોવાનુ ફરીયાદપક્ષે જણાવેલ છે. આ સેમ્પલ તપાસણી અર્થે એફ.એસ.એલ. માં મોકલેલ હોવાનુ જણાવેલ છે પરંતુ એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલ નથી, કે જેનાથી બનાવ સ્થળેથી મળી આવેલ મુદામાલ પરપ્રાંતીય ઈગ્લીશ દારૂ બનાવવાનો હોવાનુ પ્રસ્થાપીત થાય. આથી બનાવ સ્થળેથી મળી આવેલ મુદ્દામાલમંથી લીધેલ સેમ્પલ તથા કબજે કરેલ મુદામાલ પરપ્રાતીય ઈગ્લીશ દારુ બનાવવાની હકીકતને સાઈન્ટીફીક પુરાવાથી સમર્થના પ્રાપ્ત થતુ નથી. આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસના કામે લીધેલ નથી. આ કામે પોલીસ સાહેદોએ ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ છે પરંતુ ફરીયાદ હકીકતોને કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળતુ નથી. આ કામે ફરીયાદપક્ષના કેશની હકીકત મુજબ આરોપી બનાવ સ્થળે હાજર મળી આવેલ નથી તેમજ આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી. ત્યારે હાલના આરોપી આ ગુનામાં કેવી રીતે સંકડાયેલા છે તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી. આથી સ્થળ પરથી મળી આવેલ મુદામાલ દેશી પરપ્રાતીય ઈગ્લીશ દારુ હોવોનુ અને આ મુદામાલ હાલના આરોપીનો હોવાનુ નિશંકપણે પુરવાર થતુ નથી. આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો હાલનો ગુનો નિ:શંક પણે પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છે.

**<u>– : આખરી હુકમ : –</u>**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(ઈ),૧૧૬(બી),૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી આ કામના આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિ.પ્રો.કોડ. કલમ–૪૩૭ (એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા ચુકાદાથી છ માસ સુધીના રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે પોલીસ તપાસ દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ માલ પૈકી પ્રોહી. મુદ્ધામાલનો અપીલ સમય બાદ સરકારી ધારાધોરણ પ્રમાણે નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા કિંમતી મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો ન કરવામાં આવેલ હોય તો માલીકીની ખાત્રી કરી અપીલ સમય વિત્યે પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૨મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહરે કર્યો

ધ્રાંગધ્રા.
તા. ૨૨/૦૭/૨૦૨૬

(પ્રમોદ ચીમનભાઈ રોહિત)
એડી.સીની. સીવીલ જજ અને
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા. GJ01284